ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૦ ટકા

# ગાંધીનગરના સાત યુવાનો ડીવાયએસપી બન્યા

## રાજય ગૃહ વિભાગે આજે પસંદગી પામેલા ડીવાયએસપીનું લિસ્ટ જાહેર કર્યું : નવા ડીવાયએસપીની યાદીમાં કુલ ૮ મહિલાઓને પણ સ્થાન

**બોક્ષ**

**વર્ષ ૨૦૧૪ની જીપીએસસીમાં ડીવાયએસપી બનનાર ઉમેદવારોમાં પણ ગાંધીનગરનો ડો. કુશલ ઓઝા પ્રથમ ક્રમે રહ્યો હતો. જે શહેરના સેક્ટર-૧૬માં રહે છે.**

ગાંધીનગર, તા.૭

ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ૨ની ભરતી માટેની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા પસંદગી પામેલા વર્ગ-૧ના કુલ ૨૫ બિન હથિયારી નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી)ની યાદીમાં ગાંધીનગરમાંથી સૌથી વધુ સાત ડીવાયએસપી બન્યા છે. આ નવી નિમણુંક યાદીમાં પ્રથમ ક્રમે ગાંધીનગરનો જ યુવાન મહર્ષિ રાવલ રહ્યો છે જે ગાંધીનગર માટે ગૌરવ અને આનંદની વાત છે.

ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૭માં વર્ગ ૧ અને ૨ના અધિકારીઓ માટેની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. માર્ચ માસમાં આયોગે આ પરીક્ષાનું પરિણામ પણ જાહેર કરી દીધું હતું. રાજયના ગૃહ વિભાગે તમામ પ્રમાણપત્રોની તપાસ અને જરુરી નિમણુંકની કાર્યવાહી પૂર્ણ કરી આજે નિમણુંક પામેલ ઉમેદવારોનું લિસ્ટ જાહેર કર્યુ હતું. જેમાં કુલ ૨૫ વર્ગ-૧ના નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી)નો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં સૌથી વધુ ગાંધીનગર શહેરના કુલ ૭ નવા ડીવાયએસપી બન્યા છે. જયારે આ યાદીમાં કુલ ૮ મહિલાઓને પણ સ્થાન મળ્યું છે રાજય સરકારમાં નવા ૨૫ ડીવાયએસપીની નિમણુંક થતા મહેકમમાં વધારો થશે. નવી ભરતીને પગલે કેટલાક વિભાગોમાં ચાર્જમાં ચાલતી જગ્યાઓ ભરાઈ જશે અને મહદ અંગે કામગીરીનું ભારણ અટકશે તેમજ અરજદારોની કામગીરીમાં પણ સરળતા આવશે.

**ગાંધીનગરમાંથી ડીવાસએયપી બનનાર**

| નામ | મેરીટ ક્રમ |
|---|---|
| મહર્ષિ નટવરભાઈ રાવલ | ૨૨ |
| સુરજિત ઘમશ્યામભાઈ મહેડુ | ૨૯ |
| જગદીશસિંહ પોપટભાઈ ભંડારી | ૫૪ |
| હિમાલા મહેશ જોષી | ૬૬ |
| ડૉ. કિરણ કરસનજી ઠાકુર | ૨૫૦ |
| ડૉ. જિજ્ઞેશકુમાર જિતેન્દ્રભાઈ ગામીત | ૨૯૪ |
| કું. અંજના મગનલાલ ભગોરા | ૩૩૫ |

# મુખ્યમંત્રી નિવાસના કર્મચારીઓ માટે એકયુપ્રેશર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ સ્થિત જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે સ્વામિનારાયણ વિશ્વાસ એકયુપ્રેશર અને એસવીએલ લેબોરેટરી દ્વારા નિઃશુલ્ક એકયુપ્રેસર કેમ્પ અને સેમિનાર યોજાયો હતો. જેમાં ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસના કર્મચારીઓને એકયુપ્રેશર દ્વારા નિદાન અને સારવાર આપવામાં આવી હતી.




આ સેમિનાર કેમ્પમાં સ્વામિનારાયણ વિશ્વાસ એકયુપ્રેશરના ડૉ. અશોક જાદવે મુખ્યમંત્રી નિવાસના કર્મચારીઓને સ્નાયુઓના દરેક દુઃખાવા, હાથપગના તળીયા, પીંડી, ઘુંટણ, સાઈટીકા, ગેસ, કબજીયાત સ્નાયુમાં લોહી ઓછું ફરતું હોય તથા તાવના કારણે આખા શરીરના દુઃખાવાની એકયુપ્રેશર દ્વારા નિદાન અને સારવાર અશોક જાદવે આપી હતી. જયારે એસવીએલ લેબોરેટરી દ્વારા શરીરના વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ કેમ્પ બે દિવસ યોજાશે. આ કેમ્પમાં એસવીએલ લેબોરટેરીના રામભાઈ ઘોઘારી અને હિતેષ મારૂ સહિતના અન્ય લેબ ટેકનીશિયને હાજર રહી સેવાઓ આપી હતી.

# મુઠ્ઠી ભરીને દવાઓ ગળી જઈ સે-૧૪ના વૃદ્ધનો આપઘાત

## ૭૮ વર્ષીય વૃદ્ધે કોઈ કારણોસર હાર્ટની ચાલતી દવાઓ એકસામટી ગળી જઈ જીવન ટૂંકાવ્યું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૪ ખાતે રહેતા ૭૮ વર્ષીય વૃદ્ધે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગઈ રાત્રે હાર્ટની બીમારી ને લગતી દવાઓ ગળી લેતા ચકચાર મચી જવા પામી હતી. અત્યંત ગંભીર હાલતમાં વૃદ્ધને તેમનો દીકરો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયો હતો. જો કે ત્યાં સુધીમાં તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. સેકટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વૃદ્ધનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૧૪ પ્લોટ નંબર ૦૭/૧ ખાતે રહેતા ૭૮ વર્ષીય રેવાભાઈ અંબાલાલ પરમાર ને સંતાનોમાં બે દિકરીઓ અને એક દિકરો છે. ઘણા સમયથી રેવાભાઈ ને હૃદયની બીમારીની દવાઓ ચાલતી હતી. ગઈકાલે રાત્રે પોણા બાર વાગ્યાના અરસામાં રેવાભાઈ એ કોઈ અગમ્ય કારણોસર પોતાની હાર્ટની બીમારી ને લગતી દવાઓ મુઠ્ઠી ભરીને ગળી લીધી હતી. શરીરમાં અચાનક આડઅસર શરૂ થવા લાગતા પરિવારના સભ્યોને આ ઘટનાની જાણ થઈ હતી. રેવાભાઈના પુત્ર નામદેવને ઘટનાની જાણ થતા તાત્કાલિક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. અત્યંત ગંભીર હાલતમાં લઈ જવાયેલા રેવાભાઈનું ત્યાં સુધીમાં મૃત્યુ થઈ ચૂક્યું હતું. રેવાભાઈએ કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ રહસ્યમય છે. તો બીજી તરફ સેકટર-૭ પોલીસ સ્ટેશનના જમાદાર કાનજીભાઈએ રેવાભાઈનો મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પરિવારના સભ્યો નિવેદનો લઈ આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

# આજે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે ગ્રાન્ટેડ શાળાના આચાર્યોની બેઠક

ગાંધીનગર તા. ૭

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આવતીકાલે ખાસ બેઠક રાખવામાં આવી છે. જેમાં ગ્રાન્ટેડ સ્કૂલના આચાર્યને બોલાવવામાં આવ્યા છે. ૨૦૦થી વધુ આચાર્યોને આવતીકાલે શિક્ષણાધિકારી દ્વારા પર્યાવરણ સપ્તાહ ની ઉજવણી અંગે ખાસ સુચના આપવામાં આવશે તેમજ યોગદિવસ તથા શાળા પ્રવેશોત્સવની ઉજવણી બાબતે પણ માહિતગાર કરવામાં આવશે.

ઉનાળુ વેકેશન પૂરું થવાને આરે છે અને નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા નવા શૈક્ષણિક સત્રની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શાળા પ્રવેશોત્સવના બે દિવસની ઉજવણી નો એકશન પ્લાન તૈયાર થઈ રહ્યો છે તો બીજી બાજુ તાજેતરમાં આવેલા બોર્ડના પરિણામની પણ સમીક્ષા કરવામાં આવી રહી છે. આ બાબતે આવતીકાલે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ ગ્રાન્ટેડ સ્કૂલના આચાર્યોની ખાસ બેઠક બોલાવી છે. જેમાં ધોરણ૧૨ તથા ધોરણ૧૦ના પરિણામની સમીક્ષા કરવામાં આવશે. નબળી સ્કૂલો અને જરૂરી સુચના આપવામાં આવશે તેમજ આગામી દિવસોમાં સરકાર દ્વારા યોજાનાર યોગ દિવસ તથા શાળા પ્રવેશોત્સવ ની પણ તૈયારીઓ અંગે આચાર્યોને એ જરૂરી સુચના આપવામાં આવશે. એટલું જ નહીં સરકાર દ્વારા ચાલી રહેલા પર્યાવરણ સપ્તાહની ઉજવણીમા પણ શાળા અને જોતરવા માટે ઉચ્ચકક્ષાએથી આવેલા આદેશને લઈને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્થાનિક શાળાના આચાર્યોને પણ સૂચના આપવામાં આવશે. જેમાં ખાસ કરીને શાળા શરૂ થાય ત્યારે સફાઈ અને વૃક્ષારોપણ કરવા માટે આચાર્યોને કહેવામાં આવશે એટલું જ નહીં શાળાને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે પણ ખાસ ઝુંબેશ શરૂ કરવા માટે આચાર્યોને કહેવામાં આવશે.

## કિસાન વિકાસ પાર્ટી બનાવવા ખેડૂતોનું મહાસંમેલન મળશે

ગાંધીનગર, તા.૭

રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા ગુજરાતના તમામ ખેડૂતોના પ્રશ્નો માટે મહાસંમેલન બોલાવી કિસાન વિકાસ પાર્ટીની રચના કરવામાં આવશે. ગુજરાતના તમામ ખેડૂતોના જમીન સંપાદન તથા પોષણક્ષમ પાકના ભાવો તેમજ અન્ય પ્રશ્નો માટે ગુજરાતના તમામ ખેડૂતોને સંગઠિત કરી મહાસંમેલન બોલાવવામાં આવશે. મંડળના પ્રમુખ લાલભાઈ પટેલ દ્વારા ખેડૂતોને આ પાર્ટી/પક્ષના સભ્યો થવા માટે ગાંધીનગર જીઆઈડીસી સેકટર-૨૫, પ્લોટ નં. એ/૧૯, ગાંધીનગર કાર્યાલય ખાતે સંપર્ક કરવા જણાવાયું છે. ખેડૂતો પોતાના અસરગ્રસ્ત તરીકેના પુરાવા તથા પડતર પ્રશ્નો સાથે મોબાઈલ નંબર ૯૬૩૮૯૪૯૮૨૦ તથા ૯૯૭૪૫૨૫૬૨૮ પર સંપર્ક સાધી શકશે.

**મનપા દ્વારા પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન**



વિશ્વ પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરના ઈન્દ્રોડા, સંત સરોવર, સેકટર-૧ તળાવ, સેકટર-૧ કેનાલ, સરિતા ઉદ્યાન, સેકટર-૯ સહિતના વિસ્તારમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાનમાં ગાંધીનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, કોર્પોરેટર નરેશ પરમાર, પ્રવિણાબેન વોરા, એન.પી.પટેલ (વેસ્ટર્ન એગ્રોસીડસ), ડે.કમિશનર જે.બી.બારૈયા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ રેવત સહિત મહાનુભાવો હાજર રહીને સફાઈ અભિયાનને સફળ બનાવ્યું હતું. આ તમામ વિસ્તારમાંથી મહાનુભાવોએ પ્લાસ્ટીક તેમજ સુકો કચરો એકત્ર કર્યો હતો. જયારે પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પ્લાસ્ટિક છોડો પર્યાવરણ બચાવો વિષય પર શહેરમાં નોંધાયેલા ફેરીયા તથા રેગ પીકર્સની મીટીંગનું આયોજન સે-૩૦ ડમ્પીંગ સાઈટ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ થી વધુ ફેરીયા હાજર રહ્યા હતા આ તમામ ફેરીયાઓને ઈકોફ્રેન્ડલી પ્રોડકટની માહિતી તેમજ તેના ફાયદા વિશે સવિસ્તાર માહિતી પુરી પાડવામાં આવી હતી.

## ઉમિયા માતાના મંદિરે બે દિવસીય સંતવાણીનું આયોજન

શહેરમાં સેકટર-૧૨ સ્થિત ઉમિયા માતાના મંદિર ખાતે ૮ અને ૯ જૂને સાંજે ૮.૩૦ કલાકે સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

લાલજી મહારાજની જગ્યા સાયલા (ભગતનું ગામ)ના મહંત ગાદીપતિ દુર્ગાદાસ મહારાજ ઉત્તર ગુજરાતના ગામે ગામ મંડળી સાથે પધાર્યા છે. સાયલા ખાતે વર્ષોથી ચાલતા સદાવ્રત (ભોજનશાળા) તથા ગૌશાળાના લાભાર્થીઓ પણ મંડળી સાથે જોડાયા છે. શહેરની તમામ ધર્મપ્રેમી જનતા તથા સમાજના દરેક ભાઈ બહેનોને મહારાજના સત્સંગ તથા ભજનમંડળીનો લાભ લેવા ઉમિયા માતા સંસ્થા તેમજ ભકતજનો દ્વારા જણાવાયું છે.

## ગાંધીનગરની ટપાલ કચેરીના મુખ્ય પોસ્ટમાસ્તરને વિદાય અપાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર ડીવીઝનની મુખ્ય ટપાલ કચેરી, સેકટર-૧૧ ખાતે ગાંધીનગર પોષ્ટલ ફોરમની બેઠકમાં બદલીપાત્ર મુખ્ય પોસ્ટ માસ્તરની બદલી થતા પોષ્ટલ ફોરમના સભ્યો દ્વારા વિદાય આપવામાં આવી હતી.



ગાંધીનગર ડીવીઝનની મુખ્ય ટપાલ કચેરીના મુખ્ય પોસ્ટ માસ્તર કે.કે. પટેલ છેલ્લા ચાર વર્ષથી સંચાલન કરતા હતા. તેઓની ગાંધીનગરથી કલોલ ખાતે બદલી થતાં પોષ્ટલ ફોરમના સભ્યો અરૂણ બુચ, કે.બી. વ્યાસ, એન.ડી. જોષી, સી.ડી.ધનેશ્વર દ્વારા કે.કે. પટેલને તેમના કાર્યકાળ દરમિયાન ગ્રાહકલક્ષી સેવામાં કરેલ અનેક ફેરફારો, સુવિધાઓ બદલ ઋણ સ્વીકાર કરી સન્માનવામાં આવ્યા હતા તેમજ તેમની કારકીર્દી માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત ગાંધીનગરની ટપાલ કચેરીઓને ઓનલાઈન કરવા તથા ગતિ વધારીને ગ્રાહકોને વધુ સુવિધાપૂર્ણ સંતોષકારક સેવાઓ આપવા માટે પણ રજુઆત કરવામાં આવી હતી.

# રાયસણ સ્થિત શ્રમયોગી કલ્યાણ બોર્ડની કચેરીમાં તસ્કરો ત્રાટકયા

## કચેરીમાંથી ફર્નિચર અને લાઈબ્રેરીના પુસ્તકો સહિત જૂનું ટીવી પણ ચોરો ઉઠાવી ગયા

ગાંધીનગર,તા.૭

ગાંધીનગર નજીક આવેલા રાયસણ ગામમાં સ્થિત શ્રમયોગી કલ્યાણ બોર્ડના કાર્યાલયને તસ્કર ટોળકીએ ટાર્ગેટ બનાવ્યુ હતુ. મોટાભાગે બંધ રહેતા આ કાર્યાલયનુ લોક તોડી તસ્કરો અંદરથી ફર્નિચરનો સામાન અને લાયબ્રેરીના પુસ્તકો સહિત જૂનું ટીવી પણ ઉઠાવી ગયા હતા. સરકારી શ્રમ અધિકારીની ફરિયાદના આધારે પોલીસે આ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર-કોબા માર્ગ ઉપર આવેલ રાયસણ ગામની સીમમાં લીમ્બચ માતાના મંદિર પાસે શ્રમયોગી કલ્યાણ બોર્ડનુ કાર્યાલય આવેલું છે જે મોટાભાગે બંધ હોય છે. શહેરમાં સે.૪ ખાતે રહેતા સરકારી શ્રમ અધિકારી નિકિતાબેન દિનેશભાઈ ચૌધરી આ બંધ રહેતાં જુના કાર્યાલયની વિઝીટ ક્યારેક લેતા હોય છે. ત્રણ દિવસ પહેલા ચોથી જૂને નિકિતાબેન ચૌધરીએ આ કાર્યાલય પર વિઝિટ કરી હતી ત્યારે કાર્યાલય નું તાળું તૂટેલી હાલતમાં જોવા મળ્યું હતું. કાર્યાલયની અંદરનું મોટાભાગનુ ફર્નિચર પણ ગાયબ હતું. કાર્યાલયમાંથી બાંકડા, તિજોરી, જુનુ ટી.વી, ટેબલ, કચેરીનો રેકોર્ડ તથા કચેરીની લાઈબ્રેરીના પુસ્તકો મળી અંદાજે બે હજાર રૂપિયાની કિંમતના મુદ્દામાલની ચોરી કરી અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. કાર્યાલયમાં થયેલી આ ચોરીને મામલે સરકારી શ્રમ અધિકારી નિકિતાબેન ચૌધરીએ પોતાના વિભાગમાં જાણ કરીને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ આપી છે. જે આધારે પોલીસે ગુનો દાખલ કરી ચોરો સુધી પહોંચવા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવા તજવીજ શરૂ કરી છે.

# જનક ઠક્કર અભિનિત લોકપ્રિય સિરિયલ 'સુરી'નું પુનઃ પ્રસારણ ચાલુ કરાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના જાણીતા યુવા અભિનેતા જનક ઠક્કર અભિનિત લોકપ્રિય ગુજરાતી ધારાવાહિક 'સુરી'નું કલર્સ ગુજરાતી પર ફરીથી પ્રસારણ ચાલુ કરાયું છે. 'બેટી બચાવો-બેટી પઢાવો'ના સંદેશ આપતી આ સિરિયલમાં જનક ઠક્કરે ભજવેલું સરપંચનું પાત્ર ગ્રામ્ય ઉપરાંત શહેરી વિસ્તારમાં પણ ખૂબ જ લોકપ્રિય થવા પામ્યું છે.

કલર્સ ગુજરાતી ચેનલ પર આવતી ગુજરાતી ટીવી સિરિયલ 'સુરી'એ છેલ્લા બે વર્ષથી દર્શકોના દિલમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું પરંતુ અચાનક આ સિરિયલ બંધ થઈ જતા દર્શકોમાં નારાજગી જોવા મળી હતી. આ સિરિયલમાં ખૂબ જ મહત્વનું સરપંચનું પાત્ર ગાંધીનગરના દમદાર યુવા અભિનેતા જનક ઠક્કરે એટલું બખૂબી નિભાવ્યું હતું કે દર્શકોમાં તેઓ સરપંચના નામથી જ ઓળખાવા લાગ્યા છે. વળી આ પાત્રમાં તેમની અનોખી વાકછટા દર્શકોમાં ખૂબ પ્રચલિત થઈ હતી. જેને કારણે રાજયભરમાં યુવા દર્શકો આ સ્ટાઈલની નકલ કરતા પણ જોવા મળવા લાગ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જનક ઠક્કરને આ પાત્ર માટે શ્રેષ્ઠ અભિનેતાનો વર્ષ ૨૦૧૭નો એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. જનક ઠક્કર વડાપ્રધાન પ્રેરિત સ્વચ્છ ભારત અભિયાનના ગાંધીનગર મહાનગર પાલિકાના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે અને તેમને સરકારી શાળાના બાળકો સાથે સમય વિતાવવો ખૂબ ગમે છે. 'સુરી' સિરિયલ હાલ કલર્સ ગુજરાતી પરથી સોમથી શનિ સાંજે ૬ કલાકે પ્રસારિત થઈ રહી છે.

'મને આનંદ છે કે ચાહકોની લાગણીને માન આપીને ચેનલે 'સુરી' સિરિયલને ફરી પ્રસારીત કરવાનો નિર્ણય લીધો છે. આ સિરિયલ મારા દિલની ખૂબ નજીક છે કેમ કે આ સિરિયલ મારી જીંદગીનો ખૂબ મોટો ટર્નિંગ પોઈન્ટ છે. આ સિરિયલને તથા મારા પાત્રને પસંદ કરવા બદલ હું દર્શકોનો ખૂબ આભારી છું. જો દર્શકોનો આવો પ્રતિસાદ રહેશે તો આ સિરિયલનો ભાગ-૨ પણ બહુ દૂર નથી.'

**- જનક ઠક્કર, અભિનેતા**



## @ગાંધીનગર

● ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે બપોરે ૧૨ કલાકે વૃક્ષારોપણ તેમજ ડ્રાઈવર, કડંકટર અને મિકેનીકને સન્માનવાનો કાર્યક્રમ યોજાશે.

● ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લાની કારોબારી બેઠક સાંજે ૭ કલાકે સરગાસણ ચોકડી પાસે છપ્પનભોગ રેસ્ટોરન્ટમાં મળશે.

● કેપિટલ ક્રિએટીવ કલબ તથા સંગીત નાટક અકાદમીના ઉપક્રમે રાત્રે ૯ કલાકે ટાઉનહોલ સેકટર-૭ ખાતે દેવરાજ ગઢવી અને વર્ષા બગથરીયા દ્વારા લોકડાયરો રજુ કરવામાં આવશે.

● ઉમિયા માતાનું મંદિર, સે-૧૨ ખાતે શુક્રવાર અને શનિવાર સાંજે ૮.૩૦ કલાકે દુર્ગાદાસ મહારાજની સંતવાણી યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ચ માર્ગ પર એક આઈપીએસ અધિકારીની કારને અકસ્માત નડયો હતો. જો કે આ અકસ્માતમાં સામે પક્ષે એક વકીલની કાર હતી જેઓ એક પોલીસ અધિકારીના પરિચિત હોવાને કારણે મામલો સમાધાન સાથે આપસમાં સુલટાઇ ગયો હતો.

● હાશ, શહેરમાં અંતે ટ્રાફિક પોલીસનું ધ્યાન ઓવરલોડ પેસેન્જર્સ ભરીને જોખમી સવારી કરાવતી શટલીયા રીક્ષા તરફ ખેંચાયું છે. ટ્રાફિક પોલીસ દ્વારા હવે વધુ પેસેન્જર ભરતા રીક્ષા ચાલકોની રીક્ષા ડિટેઈન કરવા સુધીના પગલાં લેવાનું ચાલુ કર્યું છે.

## ડભોડામાં ચક્ષુદાન

ગાંધીનગર, તા.૭

ડભોડા નિવાસી સ્વ. સુશીલાબેન અંબાલાલ શાહ, ઉ.વ. ૬૭નું તા. ૩જી જુના રોજ અવસાન થયું હતું. તેમના કુટુંબીજનો કિરણબેન શાહની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન આપવામાં આવેલ છે.

સદર કાર્યમાં તબીબ ડૉ. મેઘા પટેલ અને જુસીકા કાર્યકર દિલિપભાઈ દંતાણીએ સેવાઓ આપી હતી. અમદાવાદ સિવિલમાં દિલીપભાઈ દંતાણીએ ચક્ષુઓ પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું હતું.

## ચક્ષુદાન મહાદાન

ગાંધીનગર નિવાસી સ્વ. શ્રી ગુણવંતભાઈ કાળીદાય નાયક પ્લોટ નં. ૧૩૩, આનંદનગર, સેકટર-૨૭ ખાતે ઉ.વ. ૬૫નું તા. ૬ઠ્ઠી જુનના રોજ અવસાન થયું હતું. તેઓના કુટંબીજન રેણુકાબેન નાયકની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન આપવામાં આવેલ છે.

સદર કાર્યમાં ડૉ. ગુલામ મુસ્તફા તેમજ જુસીકા કાર્યકર વિરેનભાઈ બ્રહ્મભટ્ટ તથા રાજુભાઈ વાઘેલાએ ચક્ષુઓ લેવા માટે સેવાઓ આપી હતી. ચક્ષુઓ અમદાવાદ સિવિલમાં પહોંચાડવા માટે દિલીપભાઈ દંતાણીએ ભગીરથ કાર્ય કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર મોતીબેન પ્રહલાદજી, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર રૂખીબેન છગનજી, ઉ.વ. ૬૦
- સ્વ. કનુજી અમરતજી ખાંટ, ઉ.વ. ૩૮
- સ્વ. વણઝારા દિલીપ જોરસિંગ, ઉ.વ. ૩૦
- સ્વ. કમુબેન છગાજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. સુથાર કપીલાબેન કચરાભાઈ, ઉ.વ. ૬૯
- સ્વ. ચીનુભાઈ વિષ્ણુભાઈ ભટ્ટ, ઉ.વ. ૫૪